શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી પાંચ વર્ષમાં ૧૮૯ એ જીવ ગુમાવ્યો

શહેરી વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં માર્ગ અકસ્માતના ૮૪૫ બનાવો

સ્માર્ટ બનતા ગાંધીનગરમાં દાયકાઓ જુની સમસ્યા યથાવત છે. જેમાં માર્ગ સલામતીની સ્થિતિ પણ હજુ જોખમી હાલતમાં છે. અલબત્ત શહેરનુ રોડ નેટવર્ક અપગ્રેડ થઇ રહ્યુ છે. આમછતા પૈડા પરની જિન્દગી જોખમી બની રહી છે. વાહનોની વધતી સંખ્યા સામે ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. જયારે નગરના ખુલ્લા અને પહોળા માર્ગ પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરતા પણ નજરે પડે છે. માર્ગ સલામતીની ઉજવણીના માધ્યમથી વાહનચાલકોને નિયમનનુ પાલન કરવા જાગૃત કરવાના પણ પ્રયાસ કરવામાં આવે છે. જો કે હજુ પણ માર્ગ અકસ્માત તેમજ તેમજ અકસ્માતનો મૃત્યુઆંક પર નજર નાંખીએ તો રોડ સેફટીનો મુદ્દો હજુ ચિંતાજનક છે. શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં માર્ગ અકસ્માતના ૮૪૫ બનાવોમાં ૧૮૯ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે.

શહેર વસાહત મહામંડળ તેમજ જિલ્લા પોલીસ તંત્રના સંયુકત પ્રયાસથી સમયાંતેર માર્ગ સલામતીના મામલે જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવે છે.

ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ઇન્ફોસીટી , સે-૭ અને સે-૨૧ પોલીસ સ્ટેશની હદ વિસ્તારમાં માર્ગ અકસ્માતના ૨૩૯ અકસ્માતના બનાવો બન્યા હતા જયારે આ બનાવોમાં ૪૨ વ્યકિતઓ મોતને ભેટયા હતા. જયારે વર્ષ ૨૦૧૮ માં માર્ગ અકસ્માતના ૧૯૭ બનાવમાં ૪૬ વ્યકિતના મોત નિપજયા હતા. વર્ષ ૨૦૧૯ માં ૧૮૩ અકસ્માતના બનાવોમાં ૪૧ ના મોત થયા હતા. જયારે વર્ષ ૨૦૨૦માં અકસ્માતના ૧૧૧ બનાવમાં ૨૫ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૨૧ માં ૧૧૫ અકસ્માતના બનાવમાં ૩૫ મૃત્યુ થયા હતા આમ છેલ્લા પાંચ વર્ષમાં શહેરી વિસ્તારમાં માર્ગ અકસ્માતના ૮૪૫ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૮૯ નાગરિકોનુ મોત નિપજ્યુ છે.

ખેરાલુમાં તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસ દરખાસ્ત

ભાજપના જ ૬ અને કોંગ્રેસ ૬ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી : ભાજપ શાસિત ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખ અસ્મિતાબેન ચૌધરી સામે અવિશ્વાસની દરખાસ્ત

મહેસાણા, તા.૨૫

ગુજરાતમાં ૨૦૨૨ના અંતે વિધાનસભાની ચૂંટણી યોજવા જઈ રહી છે. તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. જોકે મહેસાણા જિલ્લાના ખેરાલુની ભાજપ શાસિત તાલુકા પંચાયત ભંગાણના આરે પહોંચી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી છે. ભાજપના જ છ અને કોંગ્રેસ છ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે. ભાજપ શાસિત ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખ અસ્મિતાબેન ચૌધરી સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી છે. ખેરાલુ તાલુકા પંચાયતમાં કુલ ૧૮ બેઠક છે, જેમાં હાલ ૧૭ સદસ્યો છે. તાલુકા પંચાયતમાં ભાજપના ૯, કોંગ્રેસના ૭ અને ૧ અપક્ષ સદસ્ય છે. તાલુકા પંચાયતના કુલ ૧૭ સદસ્યોમાંથી ૧૨ સદસ્યોએ ચૌધરી સામે અવિશ્વાસની દરખાસ્તમાં સહી કરી છે. આ ૧૨માંથી ભારતીય જનતા પાર્ટીના ૬ સદસ્યો અને કોંગ્રેસના ૬ સદસ્યોએ સાથે મળી દરખાસ્ત દાખલ કરી છે.

લોકપ્રિય અભિનેત્રી હેપ્પી મૌલિક નાયકનું ૩૯ વર્ષની વયે દુઃખદ નિધન

સીટી માટે મશહૂર હેપ્પીને તેના પતિ અને પરિવારજનોએ સીટીના સન્નાટા સાથે અંતિમ વિદાય આપી

ગાંધીનગર, તા.૨૫

આજે ગુરુવારની ગમગીન સવારે ગાંધીનગરના સેક્ટર-૨ બી ના ઘર નંબર ૧૩૧૧/૧ માંથી એ સૌભાગ્યવતી સ્ત્રીનો પાર્થિવ દેહ અંતિમયાત્રા માટે સંચર્યો ત્યારે તેના પતિ, તેની બહેન, તેના પરિવારજનો અને વિશાળ સંખ્યામાં ભેળાં થયેલા તેના મિત્રોએ સીટીઓ મારીને તેને વિદાય આપી. એ કાળમુખા ફેફસાઓને નામ સીટીઓ

હેપ્પીનેસના અતિરેક વખતે એક સીટી ફેફસા ફાડીને બહાર આવતી એ સીટી હોય હેપ્પીની..! ભલભલા છોકરાઓને ઝાંખા પાડી દે એવી સીટી મારે હેપ્પી. સીટી હેપ્પીની ઓળખ હતી. હેપ્પી એટલે હેપ્પી મૌલિક નાયક. હેપ્પી ભાવસાર નાયક.

મારી... હૃદયદ્રાવક સીટીઓ સાથે સન્નાટો હતો... હેપ્પીનેસની હેપ્પી એ આખેઆખા શબ્દને સાથે લઈને કાયમ માટે વિદાય થઈ ગઈ.

ગુજરાતી ફિલ્મો અને નાટકોની લોકપ્રિય અભિનેત્રી, બેનમુન વૉઇસ આર્ટિસ્ટ, સદાય હસતી અને હર કોઈના દિલમાં વસતી અજાતશત્રુ હેપ્પી મૌલિક નાયકનું ફેફસાંની બીમારીમાં માત્ર ૩૯ વર્ષની વયે બુધવારની મોડી રાત્રે દુઃખદ નિધન થયું છે.

અનેક નાટકો અને ફિલ્મોમાં અભિનયના અજવાળાં પાથરનાર હેપ્પી મૌલિક નાયકે દુરદર્શનની લોકપ્રિય સીરીયલ 'શ્યામલી'માં લજ્જાના પાત્રથી પ્રેક્ષકોના મન પર અમિટ છાપ છોડી હતી. ટેલીફિલ્મ 'મહોતું' માં તેમણે યાદગાર અભિનય કર્યો હતો. વિજયગીરી ફિલ્મોસની લોકપ્રિય ફિલ્મો 'પ્રેમજી' અને 'મોન્ટુની બીટ્ટુ'માં તેમના લાજવાબ અભિનયને પ્રેક્ષકો આજે પણ યાદ કરે છે. તાજેતરમાં જ તેમની ફિલ્મ 'મૃગતૃષ્ણા' પણ લોકોએ વખાણી હતી. 'પ્રીત,પીયુ ને પાનેતર' નાટકમાં પણ તેમણે અભિનય કર્યો હતો. રેડિયો જૉકી તરીકે 'બકા' અને 'જીગા'ના પાત્રોથી લોકપ્રિયતાના શિખરો સર કરનાર ગાંધીનગરના લોકપ્રિય કલાકાર શ્રી મૌલિક નાયકના તેઓ ધર્મપત્ની હતા. 'મોન્ટુની બીટ્ટુ' ફિલ્મના મુખ્ય અભિનેતા શ્રી મૌલિક નાયકને 'હેલ્લારો' માં ઘોડેસવાર ભગલાના પાત્રથી ભારે લોકચાહના મળી.

ઈસરોમાંથી નિવૃત્ત થયેલા કેમેરામેન, દિગ્દર્શક અને અભિનેતા શ્રી પ્રફુલભાઈ ભાવસારના દીકરી હેપ્પીએ ગાંધીનગર સચિવાલયમાં સામાન્ય વહીવટ વિભાગમાં લાંબા સમય સુધી સેવાઓ આપીને નિવૃત્ત થયેલા શ્રી જગદીશભાઈ નાયકના દીકરા અને અભિનેતા મૌલિક નાયક સાથે વર્ષ ૨૦૧૬ ની ૧૩મી ફેબ્રુઆરીએ લગ્ન કર્યા હતા. સાત વર્ષના લગ્નજીવન પછી તાજેતરમાં જ તા. ૨ જી જૂન ૨૦૨૨ ના દિવસે હેપ્પી-મૌલિકને ઘેર બે જોડિયા દીકરીઓ ક્રિષ્ના અને ક્રિષ્નવીનો જન્મ થયો હતો.

દીકરીઓના જન્મ પછી હેપ્પીનાં ફેફસામાં પાણી ભરાયું હતું. સારવાર ચાલી રહી હતી એ દરમિયાન બાયોપ્સી કરાવતા ફેફસાનું કેન્સર ડિટેક્ટ થયું હતું. તબીબો તેની પણ સારવાર કરી રહ્યા હતા. કીમોથેરાપી પણ ચાલી રહી હતી. એક ફેફસુ કામ કરતું બંધ થયું છતાં હેપ્પી હિંમત નો'તી હારી. એક ફેફસાથી પણ માણસો આખું લાંબું આયખું કાઢી જતા હોય છે એવી હૈયાધારણ તબીબોએ આપી જ હતી અને સારવાર ચાલી રહી હતી. પરંતુ બીજા ફેફસામાં પણ પાણી ભરાવાનું શરૂ થતાં તબિયત વધુ લથડી હતી. શ્રી મૌલિક નાયક અને પરિવારજનો જીવ સટોસટનો જંગ લડી રહ્યા હતા ત્યાં બીજા ફેફસામાં ભરાઈ રહેલા પાણીને કારણે હેપ્પીના અંગો ધીમે ધીમે હિંમત હારતા ગયા અને આખરે હેપ્પીએ વિદાય લીધી. ૮૩ દિવસની દીકરીઓ ક્રિષ્ના અને ક્રિષ્નવી, પ્રેમાળ પતિ મૌલિક અને નાયક પરિવાર તથા ભાવસાર પરિવાર સહિત વિશાળ ચાહક વર્ગને આક્રંદ કરતા છોડીને હેપ્પીએ વિદાય લીધી. ગુરુવારે સેક્ટર- ૨ -બી ના તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમયાત્રામાં ફિલ્મો, નાટકો અને રેડિયોના કલાકારો, સંગીતકારો, અભિનેતાઓ, અભિનેત્રીઓ, રેડિયોના વરિષ્ઠ આર.જે., વ્યવસ્થાપકો અને ગાંધીનગર તથા અમદાવાદના અસંખ્ય ચાહકો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. સરગાસણના અંતિમધામમાં હેપ્પીના પ્રેમપૂર્વક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સ્વર્ગસ્થ હેપ્પીનું બેસણું રવિવારે રાખવામાં આવ્યું છે.

કચ્છના અંજારમાં 'વીર બાળક સ્મારક'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ કરશે

૨૦૦૧ના ભૂકંપના દિવસે એક રેલીમાં જતા બાળકો કાટમાળમાં દટાઇ ગયા હતાં

ગાંધીનગર, તા.૨૫

૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં આવેલા ભૂકંપના લીધે કચ્છના અંજાર શહેરમાં શાળાના ૧૮૫ બાળકો અને ૨૦ શિક્ષકો એક રેલીમાં જઇ રહ્યા હતાં ત્યારે આસપાસની ઈમારતોના કાટમાળ નીચે દટાઈ જવાથી મૃત્યુ પામ્યા હતાં. આ ઘટનાની કરૂણતાની નોંધ સમગ્ર વિશ્વમાં છવાઈ હતી. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ, આ બાળકોની સ્મૃતિમાં આ સ્મારક બનાવવાની જાહેરાત કરી હતી. હવે આ સ્મારક અંજાર શહેરની બહાર તૈયાર થઈ ગયું છે અને ૨૮ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ સ્મારકના નિર્માણકાર્યને આખરી ઓપ આપવામાં આવ્યો છે. લોકાર્પણ પ્રસંગે દિવંગતોના પરિવારના ૧૦૦ સભ્યોને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દિવંગત બાળકોને સમર્પિત આ મ્યૂઝિયમનું પાંચ વિભાગમાં નિર્માણ કરવામાં આવ્યંવ છે. પ્રથમ વિભાગમાં દિવંગતોની તસવીરો અને ભૂતકાળના સ્મરણો રજૂ કરવામાં આવ્યા છે. ત્યારબાદ વિનાશ વિભાગમાં કાટમાળ દર્શાવીને મૃત્યુ પામેલા બાળકોના સ્મૃતિચિહ્નો અને તેમની પ્રતિકૃતિ રજૂ કરાઇ છે. ત્યાંથી આગળ જતા ભૂકંપનો અનુભવ થઇ શકે તે માટે એક વિશેષ રૂમ બનાવવામાં આવ્યો છે.

અહીં સિમ્યુલેટર તેમજ પડદા પર વીડિયો સાથે ભૂકંપની અનુભૂતિ કરાવવામાં આવશે. તે સિવાય જ્ઞાન-વિજ્ઞાન વિભાગમાં ભૂકંપ આવવાની પ્રક્રિયા, વૈજ્ઞાનિક કારણો અને અન્ય જરૂરી વિગતો સમાવિષ્ટ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રીના કચ્છના કાર્યક્રમમાં ગાંધીનગર ડેપોની ૩૨ બસો દોડશે

રજાનો દિવસ હોવાથી શહેરી બસ સેવા પણ પ્રભાવિત થશે નહી : સાતમ આઠમના તહેવારોમાં પણ ડેપોએ જરૂરી રૂટમાં વધારાની બસો દોડાવી અંદાજિત રૂ ૯ લાખની આવક કરી

ગાંધીનગર તા ૨૫

પ્રધાનમંત્રી કચ્છની મુલાકાતે આવવાના હોવાથી ગાંધીનગરમાં વહીવટીતંત્ર તૈયારીમાં લાગ્યુ છે. માર્ગોના ગાબડા પુરવા ઉપરાંત સફાઇ સહીતની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે પ્રધાનમંત્રીના કચ્છ કાર્યક્રમને અનુલક્ષીને એસ ટી નિગમ દ્વારા પણ આ રૂટમાં ખાસ બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગર એસ ટી ડેપો ખાતેથી પણ આગામી શનિવાર અને રવિવારના દિવસે ૩૨ બસો કચ્છના રૂટ માટે ફાળવવામાં આવી છે. જયારે આ દરમિયાન રજાના દિવસો હોવાથી શહેરી બસ સેવા પર ખાસ અસર નહી પડે તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા તહેવારો તેમજ ધાર્મિક પ્રસંગે જરૂરી રૂટમાં વધારાની બસો દોડાવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન વર્ધી અને ચુંટણી તેમજ રાજકીય કાર્યક્રમોમાં પણ બસ સેવા પુરી પાડીને વધુ આવક ઉભી કરવામાં આવે છે. ડેપો કક્ષાએથી વધારાની બસો દોડાવાતા આ દરમિયાન શહેરી બસ સેવા પણ પ્રભાવિત થાય છે. જેના લીધે ગાંધીનગર અમદવાદ વચ્ચેના રૂટમાં અપડાઉન કર્તા મુસાફરોને પરેશાની વેઠવી પડે છે. જો કે પ્રધાનમંત્રીના આગામી કાર્યક્રમને અનુલક્ષીને ડેપો કક્ષાએથી કચ્છ માટે વધારાની બસ સેવા ગોઠવવામાં આવી છે. અલબત્ત આ માટે ૩૨ બસો ફાળવવામાં આવી છે. આગામી શનિવાર અને રવિવારના રોજ ૩૨ બસો કચ્છના રૂટમાં દોડશે જો કે આ દિવસોમાં રજા હોવાના લીધે શહેરી બસ સેવા પ્રભાવિત થશે નહીં. જયારે આ દરમિયાન આમ નાગરિકોને હાલાકી ન વેઠવી પડે તે માટે વધારાની બસો પણ દોડાવાશે એકસ્ટ્રા બસોમાંથી આ રૂટમાં બસો ફાળવવામાં આવશે. જયારે સોમવારથી રાબેતા મુજબ રૂટીન દિવસ હોવાથી શહેરી બસ સેવાના રૂટમાં પણ પર્યાપ્ત બસો દોડશે પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષી વધારાની બસો દોડાવાશે પરંતુ રજાનો દિવસ હોવાથી શહેરી બસ સેવા વિશેષ રીતે પ્રભાવિત થશે નહી તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. કોરોના કાળમાં ડેપોની આવક તળિયે બેસી ગઇ હતી એસ ટી બસ સેવા વિશેષ પ્રભાવિત થઇ હતી અલબત્ત એસ ટી ના પૈડા થંભી જતા ડેપોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. પરંતુ છેલ્લા દોઢ વર્ષથી એસ ટી ડેપોની આવક પણ અગાઉની જેમ પુરતી થાય છે ગત દિવસોમાં સાતમ આઠમના તહેવારોમાં પણ એસ ટી ડેપો કક્ષાએથી જરૂરી રૂટ મુજબ વધારાની બસો દોડાવી અંદાજિત ૯ લાખ જેટલી આવક પ્રાપ્ત કરી હતી. ડેપોએ અગાઉ હોળી ધુળેટી તેમજ વેકેશનના સમયગાળા દરમિયાન પણ વધારાની બસો દોડાવી વધારાની આવક મેળવી હતી જયારે લગ્નસરાની સિઝન દરમિયાન પણ નોંધપાત્ર આવક કરી હતી.

કામો શરૂ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે મનપા દ્વારા આ કામોના વિગતવાર અંદાજો, તાંત્રિક અને વહીવટી મંજૂરીની માહિતી શહેરી વિકાસ વિભાગ અને બોર્ડને મોકલી આપવાની રહેશે. આ કામો ઝડપથી શરૂ કરવાના રહેશે. મંજૂર થયેલ રકમ ઉપરાંતની રકમનો ખર્ચ થશે તો મનપાએ તેના સ્વભંડોળમાંથી તે ખર્ચ કરવાનો રહેશે.

રાજ્યના મુખ્યમંત્રીએ શહેરના આ કામોને તાજેતરમાં જ મંજૂરી આપી હતી જે નોંધનીય છે.

તૈયારીઓ શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબા મહોત્સવની ઉજવણી વધુ ભવ્ય રીતે થાય તેવી લાગણી ખૈલેયાઓમાં પણ પ્રબળ બની છે. ગાંધીનગરને સાંસ્કૃતિક નગરી તરીકેની આગવી ઓળખ આપતી કલા સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત પર્વની ઉજવણીને નવતર બનાવવાનો અભિગમ અપનાવાયો છે. ખૈલેયાઓની લાગણીને પ્રોત્સાહીત કરવા માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પણ બે વર્ષના બ્રેક બાદ આ વર્ષે દિવ્ય નવરાત પર્વની ઉજવણી વધુ ભવ્ય રીતે કરવા માટે વિશેષ આયોજન કર્યુ છે. કલ્ચરલ ફોરમ દ્વારા બે વર્ષના અંતે નગરજનો માટે અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. નવા સભ્યપદની પ્રક્રીયાના અંતે નગરજનોમાં અનેરુ આકર્ષણ જન્માવતા નવરાત પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવા કલ્ચરલ ફોરમની ટીમ કામે લાગી છે. કલ્ચરલ ફોરમ દ્વારા શહેરના હાર્દસમા વિસ્તાર સે-૧૧ માં નવરાત્રિની ઉજવણી કરવામાં આવશે.

કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત મહોત્સવની ઉજવણીને વધુ શાનદાર બનાવવા માટે આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. નવદુર્ગાના નવરાત પર્વમાં આદ્યશકિતની ભકિત સાથે ખૈલેયાઓ પણ અવનવા ટ્રેડીશ્નલ ડ્રેસમાં સજ્જ થઈને ગરબે ઘુમવા ઉત્સુક બન્યા છે. શહેરના સેકટરોમાં ગરબાના વર્ગોમાં પણ ગરબા પ્રેમીઓની ભીડ જોવા મળે છે. બે વર્ષના ઇન્તેજારના અંતે ગરબા રમવા થિરકતા પગમાં એક અનોખો જોમ જુસ્સો જોવા મળી રહ્યો છે. ખૈલેયાઓના ઉત્સાહને વેગ આપવા શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજકો પણ મહેનત કરી રહ્યા છે. અલબત્ત કામે લાગ્યા છે. નવરાત પર્વના આડે હવે માત્ર એક મહીનો રહ્યો છે. ત્યારે સેકટરોમાં શેરી ગરબાના આયોજકો પણ હવે નવરાત્રિની ઉજવણીના આયોજન તરફ મીટ માંડી રહ્યા છે.

ત્યારે કોરોના કાળમાં ગરબા મહોત્સવની ઉજવણી એક સ્વપ્ન સમાન બની ગઇ હતી જેના અંતે આ વર્ષે હવે ગરબે ઘુમવા માટે એક અનોખો જ ઉત્સાહ ખૈલેયાઓમાં જોવા મળી રહ્યો છે. ગરબાના આયોજન માટે સમયની પાબંદી ખૈલેયાઓને સતત ખુંચે છે. ત્યારે લાંબા સમયગાળા બાદ ગરબા મેદાનની રોનક નિખરવાની છે ત્યારે સમયની મર્યાદામાં થોડી છુટછાટ આપવામાં આવે તેવી લાગણી પણ ગરબાપ્રેમીઓમાં પ્રબળ બની છે. ગરબા મહોત્સવના આયોજકો સાથે ગરબા પ્રેમીઓ અને ખૈલેયાઓ પણ નવરાત પર્વની ઉજવણી માટે જરૂરી તૈયારીમાં લાગી ગયા છે. ખૈલેયાઓ પોતાના માટે ડ્રેસીસ, ઓર્નામેન્ટ સહીતની ખરીદી માટે પણ ઉત્સુક બન્યા છે. જયારે બે વર્ષના અંતે નવરાત્રિ મહોત્સવનુ આયોજન થવાનુ છે ત્યારે ગરબા મેદાનમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબાની રમઝટ જમાવવા માટે પણ અત્યારથી જ કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયુ છે. બીજીતરફ નવરાત્રિ મહોત્સવના આયોજકો પણ ખૈલેયાઓની લાગણીને ધ્યાનમાં રાખી માતાજીની ભકિત આરાધનાના આ પર્વના ઓવારણા લેવા ઉત્સુક છે.

માલવેર મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી દીધા છે. જો તેમાં કોઈ માલવેર હોય તો તેમને જાણ કરવી જોઈએ. ત્યાર બાદ સીજેઆઈએ તેઓ કયો રિપોર્ટ જાહેર કરી શકે તે અંગે વિચારશે તેમ કહ્યું હતું.

કેન્દ્ર સરકાર પર એવો આરોપ છે કે, આ સોફ્ટવેર દ્વારા તેણે ૧,૪૦૦ લોકોની જાસૂસી કરાવી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે, તેમાં ૪૦ પ્રખ્યાત પત્રકારો, વિપક્ષના ૩ દિગ્ગજ નેતા, બંધારણીય પદ પર આસીન એક મહાનુભવ, કેન્દ્ર સરકારના બે મંત્રી, તપાસ એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ અને અનેક દિગ્ગજ ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે.

આ સોફ્ટવેર માટે એવો દાવો થઈ રહ્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જુલાઈ ૨૦૧૭માં જ્યારે ઈઝરાયલ પ્રવાસે ગયા હતા તે સમયે ભારત-ઈઝરાયલ વચ્ચે ૨ અબજ ડોલરના સંરક્ષણ સોદાઓ થયા હતા. તેમાં પેગાસસ જાસૂસી સોફ્ટવેર પણ સામેલ હતું. તે સોફ્ટવેરનો ઉપયોગ ફોન દ્વારા કોઈની જાસૂસી કરવા થાય છે. જોકે કેન્દ્ર સરકારે સંસદ અને સુપ્રીમ કોર્ટમાં તે દાવાઓને નકાર્યા હતા.

ખોડલધામ ખાતે ૯મી ઓક્ટોબરે મહાસભાનું આયોજન

રાજકોટ,તા.૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જ ખોડલધામમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે. રવિવારે કાગવડના ખોડલધામમાં મહાસભાને લઈને બેઠક મળવાની છે. ખોડલધામના કન્વીનરો અને સહ કન્વીનરોની બેઠક મળશે. મહાસભાની રૂપરેખા તૈયાર કરવા માટે આ બેઠક મળશે.

ખોડલધામના આંગણે ૯ ઓક્ટોબરે મહાસભાનું આયોજન કરાયું છે. આ મહાસભામાં પાટીદાર સમાજના આગેવાનો અને ઉદ્યોગપતિઓ હાજર રહેશે. ખાસ વાત તો એ છે કે, વિધાનસભા ચૂંટણી પહેલા મહાસભાનું આયોજન થઈ રહ્યું છે. તે માટે ૨૮ ઓગસ્ટના રોજ ખોડલધામ ખાતે મહાસભાની વ્યવસ્થા અંગે બેઠક થશે. ખોડલધામના પ્રવક્તા હસમુખ લુણાગરિયાએ આગામી કાર્યક્રમને લઈને જણાવ્યું કે, ખોડલધામના કન્વીનરો અને સહ કન્વીરોની બેઠક યોજાશે.

દોષિતોને મુક્ત કરવા સંદર્ભે ગુજરાતને સુપ્રીમની નોટિસ

રેપ કેસમાં ૧૧ આરોપીઓને મુક્ત કરવા સામે અરજી સીપીએમ નેતા સુભાષિની અલી, લેખિકા રેવતી લાલ અને માનવાધિકાર કાર્યકર રૂપ રેખા વર્માએ દાખલ કરી હતી

નવી દિલ્હી, તા.૨૫

બિલ્કિસ બાનો કેસ મામલે દાખલ કરવામાં આવેલી અરજી મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એનવી રમનાની પીઠ સામે વકીલ કપિલ સિબ્બલે દલીલો કરી હતી. કોર્ટે ૧૧ દોષિતોને સજામાં છૂટ આપવા મામલે ગુજરાત સરકાર અને કેન્દ્રને નોટિસ પાઠવી છે. આગામી ૨ સપ્તાહ બાદ આ અંગે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

બિલ્કિસ બાનો કેસમાં દોષિતોને છોડી દેવામાં આવ્યા તેના વિરૂદ્ધમાં દાખલ કરવામાં આવેલી અરજી મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે ગુજરાત સરકારને નોટિસ પાઠવી છે અને ૨ સપ્તાહ બાદ આ અંગે આગળની સુનાવણી હાથ ધરાશે.

બિલ્કિસ બાનોના ગુનેગારોને સજામુક્તિ આપવાના ગુજરાત સરકારના નિર્ણયને પડકારતી જનહિતની અરજી પર સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે તૈયારી દાખવી હતી અને આજ રોજ સુનાવણી હાથ ધરાઈ હતી. આ અરજી સીપીએમ નેતા સુભાષિની અલી, લેખિકા રેવતી લાલ અને માનવાધિકાર કાર્યકર રૂપ રેખા વર્માએ દાખલ કરી હતી.

અરજીકર્તાઓના કહેવા પ્રમાણે સમગ્ર કેસની તપાસ સીબીઆઈએ કરી હતી માટે ગુજરાત સરકાર દોષિતોને સજામાં છૂટ આપવાનો એકતરફી નિર્ણય ન લઈ શકે. ક્રિમિનલ પ્રોસિજર કોડના સેક્શન ૪૩૫ અંતર્ગત રાજ્ય સરકારે આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સલાહ લેવી અનિવાર્ય છે.

સીબીઆઈની વિશેષ કોર્ટે ૨૦૦૮માં ૧૩ પૈકીના ૧૧ આરોપીઓને દોષી ઠેરવીને તેમને આજીવન કેદની સજા સંભળાવી હતી. ૨૦૧૭માં બોમ્બે હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો.

જોકે હવે ગુજરાત સરકારે કેદ દરમિયાન આરોપીઓની સારી ચાલ-ચલગતના આધાર પર તેમને સજા માફી આપવાનો નિર્ણય લીધો હતો. તે તમામ દોષિતો બિલ્કિસ બાનો સાથે ગેંગરેપ અને તેના પરિવારના ૭ સદસ્યોની હત્યાના આરોપસર ૧૫ વર્ષથી જેલમાં હતા. બિલ્કિસ બાનો સાથે સામૂહિક દુષ્કર્મની ઘટના બની તે સમયે તેઓ ગર્ભવતી હતા.